ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ
સોસાયટી, ગાંધીનગરના નેજા હેઠળની ચાર
મેડીકલ કોલેજને સંલગ્ન હોસ્પિટલ જાહેર
કરવા બાબત.

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:હસપ/૧૧૨૦૧૦/૧૪૭૬/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭/૦૫/૨૦૧૦

વંચાણે લીધા : ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી, ગાંધીનગરની તા.૩૧/૦૩/૨૦૧૦ની નોંધ.

## ઠરાવ :

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી, ગાંધીનગર દ્વારા શરૂ કરવામાં આવનાર ચાર મેડીકલ કોલેજો માટે ચાર હોસ્પિટલો સોસાયટી હસ્તક તબદીલ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવેલ ચાર હોસ્પિટલો ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી, ગાંધીનગર હસ્તક તબદીલ કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે.

| | હોસ્પિટલનું નામ |
|---|---|
| ૧. | શેઠ એન.એલ. જનરલ હોસ્પિટલ, પાટણ. |
| ૨. | જનરલ હોસ્પિટલ, સોલા, અમદાવાદ. |
| ૩. | શ્રીમતી પદમાવતી ટી.બી. સેનેટોરીયમ, ગોત્રી, વડોદરા. |
| ૪. | સિવિલ હોસ્પિટલ, વલસાડ. |

૨. આ અંગે વિગતવાર શરતો અને બોલીઓ હવે પછી નકકી કરવાની રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૬/૦૫/૨૦૧૦ અન્વયેની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર નંદાણી)
સેકશન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીની કચેરી, સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી,આરોગ્યના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, આરોગ્યના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (તબીબી શિક્ષણ), કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી (ત.શિ.) ની કચેરી, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (તબીબી સેવા), કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજયની કચેરી, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી(જાહેર આરોગ્ય), કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજયની કચેરી, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (પરિવાર કલ્યાણ), કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજયની કચેરી, ગાંધીનગર.
- સર્વે ડીનશ્રી/મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, મેડીકલ કોલેજ, પાટણ, અમદાવાદ, ગોત્રી (વડોદરા), વલસાડ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ચેરમેનશ્રી, ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, ગાંધીનગર.
- શાખા પસંદગી ફાઇલ
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ